જરૂરી / અગત્યનું

ક્રમાંક/સીટીએસ/બાંધકામ/૨૦૧૮/ ૮૫૫
રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી,
બ્લોક નઃ- ૧, ત્રીજો માળ,જુના સચિવાલય,
ગાંધીનગર. તારીખઃ-૧૨/૦૩/૨૦૧૮.

પ્રતિ,
નાયબ નિયામકશ્રી(તા)
પ્રાદેશિક કચેરી, **અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ**

વિષયઃ-ઔ.તા.સંસ્થાઓની મશીનરી/ સાધન સામગ્રી નવનિર્મિત મકાનમાં શીફટીંગ બાબત.

સંદર્ભઃ-અત્રેના તા.૨૧/૦૨/૨૦૧૮ના પરીપત્રક્રમાંકઃસીટીએસ/બાંધકામ/૨૦૧૮/૨૨૧.

મહોદયશ્રી,

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના નવનિર્મિત મકાનનું બાંધકામ પૂર્ણ થતાં સંસ્થા ભાડાના મકાનમાંથી નવનિર્મિત મકાનમાં શિફ્ટીંગ કરવા અંગેનું આગોતરૂ આયોજન હાથ ધરવા તેમજ નવનિર્મિત મકાનના બાંધકામની કામગીરી પૂર્ણતાના આરે હોય ત્યારે સંસ્થાની મશીનરી, માલસામાન નવનિર્મિત મકાનમાં શિફ્ટીંગ કરવા અંગેની દરખાસ્ત વડી કચેરીને કરી મકાન બાંધકામ પૂર્ણ થયા પહેલાં સંસ્થા શિફટીંગની મંજૂરી મેળવી સંસ્થા શીફટીંગ કરવાની કાર્યવાહી હાથ ધરવા અત્રેના સંદર્ભ તળેના પરીપત્રથી જરૂરી સૂચનાઓ પરીપત્રિત કરવામાં આવેલ છે.

સંસ્થાના નવનિર્મિત મકાનનું બાંધકામ પૂર્ણ થતાં સંસ્થાની મશીનરી, માલસામાન નવનિર્મિત મકાનમાં શિફ્ટીંગ કરવા માટે સબંધિત ના.નિ.શ્રી(તા)એ જે તે આઇ.ટી.આઇ.ના અથવા નજીકની અન્ય આઇ.ટી.આઇ.ના વાહનનો ઉપયોગ કરવા માટે જરૂરી વ્યવસ્થા કરી આપવાની રહેશે. આઇ.ટી.આઇ.ના વાહન મારફત મશીનરી, માલસામાન ટ્રાન્સફર કરવાનો રહેશે. આ અંગે થનાર મજૂરી અંગેનો ખર્ચ સંસ્થાના વડાને મળેલ સત્તાની રૂએ નાણાકીય સત્તા (સોંપણી), નિયમો-૧૯૯૮ ની મર્યાદામાં રહી કરવાનો રહેશે.

ઉકત વિગત ધ્યાને લઇ સંસ્થાની મશીનરી, માલસામાન નવનિર્મિત મકાનમાં શિફ્ટીંગ કરવા અંગેની અનુગામી કાર્યવાહી હાથ ધરવા તેમજ નવનિર્મિત મકાનની કબજા પાવતી અત્રે મોકલી આપવા સબંધિત સંસ્થાઓના વડાઓને આપની કક્ષાએથી જરૂરી સૂચન થવા વિનંતી. આજ પધ્ધતિ KVK માટે પણ અમલમાં લાવવાની રહેશે.

(ફાઇલ પર માન.નિયામકશ્રીના આદેશ છે.)

આપનો વિશ્વાસુ

(એમ.એમ. દવે)
નાયબ નિયામક(તા)
રોજગાર અને તાલીમ
ગાંધીનગર.

**નકલ રવાનાઃ-**

તમામ સંસ્થાઓના વડાઓ તરફ જરૂરી જાણ તેમજ અનુગામી કાર્યવાહી અર્થે.